# Day to Day Current Affairs
## September – 2015

22 સપ્ટેમ્બર 2015

### ૧. ઇસરો બ્રહ્માડનો અભ્યાસ કરવા ‘ એસ્ટ્રોસેટ’ લોન્ચ કરશે :

- આગામી 28 સપ્ટેમ્બર ઇસરો પહેલીવાર સૂર્યમાળા અને બ્રહ્માડનો અભ્યાસ કરવા  એસ્ટ્રોસેટ નામક ખગોળ સંશોધન ઉપગ્રહ તરતો મુકશે.

- આ એસ્ટ્રોસેટ ઉપગ્રહ માત્ર ખગોળશાસ્ત્ર આધારીત બ્રહ્માંડના રહસ્યોને પામવાનો પ્રથમ વિરાટ પ્રયાસ છે.

- એસ્ટ્રોસેટ લોન્ચ થયા બાદ ભારત સ્પેસ ઓબ્ઝર્વેશન સેટેલાઇટ રજુ કરનારો ચોથો દેશ બની જશે. અગાઉ અમેરિકા, રશિયા, અને જાપાન આ પ્રકારના સેટેલાઇટ લોન્ચ કરી ચૂકયા છે.

- ખગોળશાસ્ત્ર એક પ્રાકૃતિક વિજ્ઞાન છે જેમા અવકાશી પદાર્થો, આકાશગંગા, તારાઓ તરતા ખડકો અને ધુમકેતુઓનો અભ્યાસ કરવામાં આવે છે.

- ઇસરોએ 2004માં માત્ર સૂર્યમાળા અને બ્રહ્માંડનો અભ્યાસ કરવા માટેનો ઉપગ્રહ તરતો મુકવાની યોજના ઘડી હતી જે હવે અગિયાર વર્ષ પરિપૂર્ણ થતા એસ્ટ્રોસેટ સ્વરૂપે અંતરીક્ષમાં પરિભ્રમણ કરશે.

### ૨. આધુનિક આંગણવાડીઓનું નિર્માણ :

- સમગ્ર દેશમાં 4000 આધુનિક આંગણવાડીઓનું નિર્માણ કરવામાં આવશે.

- આ માટે કેન્દ્ર સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે વેદાન્તા સાથે કરાર કર્યા છે.

- આ પ્રોજેક્ટ માટેઅંદાજીત 400 કરોડ રૂપિયાનો ખર્ચ થશે.

### ૩. ઇન્ટરનેશનલ વુશુ  ચેમ્પિયનશીપ :

- તાજેતરમાં ઇરાનમાંતેહરાનમાં યોજાયેલા 5માં ઇન્ટરનેશનલ પાર્સ વુશુકપમાં ભારતીય ટીમે 1 ગોલ્ડ, 4 સિલ્વર અને 7 બ્રોન્ઝ મેડલ મેળવી કુલ 12 મેડલ જીત્યા.

- આ આયોજન 18થી 21 સપ્ટેમ્બર થયુ હતું.

- વુશુએ માર્શલ આર્ટ્સનો એક પ્રકાર  છે. જે ચાયનાના ટ્રેડિશનલ માર્શલ પરથી ઉતરી આવેલ છે.

- વુશુ રમતની શોધ ચીનમાં થઇ છે. જેમાં વુ નો અર્થ માર્શલ ‘મિલિટરિ’ અને શુ નો અર્થ આર્ટ એવો થાયા છે.

- વર્લ્ડ વુશુ ચેમ્પિયનશીપ દર બે વર્ષે IWUF (ઇન્ટરનેશનલ વુશુ ફેડરેશન)  દ્વારા યોજાય છે.

- પ્રથમ વર્લ્ડ ચેમ્પિયનશીપ 1991માં ચીન ખાતે યોજય હતી.

- હવે આગામી 18 થી 11 નવેમ્બર દરમિયાન ઇન્ડોનેશિયાના જકાર્તામાં 13 મુ વર્લ્ડ વુશુ ચેમ્પિયનશીપ યોજાશે.

### ૪. સાનિયા મિર્ઝા :

- તાજેતરમાં  ખેલરત્ન એવોર્ડ મેળવનારી ટેનિસ ખેલાડી સાનિયા મિર્ઝાને ક્રિકેટ કલબ ઓફ ઇન્ડિયાનું માદન સભ્યાપદ મળ્યું.

Vivekanand Academy, Gandhinagar

- મુંબઇમાં સીસીઆઇના પ્રમુખ કે.નિકોલસનના હસ્તે તેમને  સભ્યપદ એનાયત કરવામાં આવ્યું હતું.

## ૫. જેસન ડે – ગોલ્ફર :

- તાજેતરમાં શિકાગો ખાતે યોજાયેલ BMW ચેમ્પિયનશીપમાં ઓસ્ટ્રેલિયાના ગોલ્ફર જેસન ડે એ ચેમ્પિયનશીપ જીતી લીધી હતી.

- તે આ ચેમ્પિયનશીપ જીતવાની સાથી જ વિશ્વનો નંબર વન ખેલાડી બની ગયો હતો.

Vivekanand Academy, Gandhinagar